**મોના ખંધાર,** આઇ.એ.એસ.
**અગ્ર સચિવ**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**
ગુજરાત સરકાર
બ્લોક નં. ૭, ૫ મો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

सत्यमेव जयते

પત્ર ક્રમાંક: **DST/PMT/e-file/24/2024/1411/Telecom**
તા. ૧૩.૦૧.૨૦૨૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી,
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો,
ગાંધીનગર.

**વિષય**: ટેલિકોમ્યુનિકેશન્સ (રાઈટ ઓફ વે) નિયમો, ૨૦૨૪ ના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ બાબત

**સંદર્ભ**: ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સના (૧) તા.૧૫.૧૦.૨૦૨૪ નો પત્ર ક્રમાંક: 2024-UBB અને (૨) તા.૧૧.૧૧.૨૦૨૪ નો પત્ર ક્રમાંક: 5-6/2024(186123)

શ્રીમાન / મહોદયા,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશનના સંદર્ભ દર્શિત પત્રોની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે, ભારત સરકારના તા.૧૫.૧૦.૨૦૨૪ ના પત્ર અનુસાર તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ટેલિકોમ્યુનિકેશન એકટ, ૨૦૨૩ અંતર્ગત ટેલિકોમ્યુનિકેશન્સ (રાઈટ ઓફ વે) નિયમો, ૨૦૨૪ સૂચિત કરવામાં આવ્યા છે. આ નવા RoW નિયમો ઇન્ડિયન ટેલિગ્રાફ રાઇટ ઓફ વે રૂલ્સ ૨૦૧૬ (વખતો વખત સુધારેલ) અને ઇન્ડિયન ટેલિગ્રાફ (ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેફ્ટી) નિયમો, ૨૦૨૨ ના સ્થાને **તા.૦૧.૦૧.૨૦૨૫ થી અમલમાં આવેલ છે. આ બાબતે આ વિભાગ દ્વારા કાયદાકીય અભિપ્રાય પણ મેળવેલ છે. જે અનુસાર ભારત સરકારના તા.૧૧.૧૧.૨૦૨૪ ના પત્ર મુજબ આ RoW નિયમો, ૨૦૨૪ ને સ્વીકારવા અંગે કોઈપણ પ્રક્રિયામાંથી પસાર થવાની જરૂરિયાત વગર ફરજિયાતપણે તેને જ અનુસરવાનું રહે છે.**

આ નિયમોનું અમલીકરણ મોટાભાગે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો હેઠળના જે તે સ્થાનિક વહીવટી સંસ્થાઓ પર નિર્ભર રહેશે અને તે Row પોર્ટલ મારફત કરવામાં આવનાર હોવાથી આ નવા RoW નિયમો અનુસાર રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશના તમામ સંબંધિત નોડલ વિભાગો પાસેથી RoW પોર્ટલમાં જરૂરી ફેરફાર કરવા માટે જરૂરી સહકાર અપેક્ષીત છે.

આ નિયમોની કેટલીક અગત્યની જોગવાઇઓ નીચે મુજબ છે, જેનું RoW નિયમોના અમલીકરણ કરતી સંસ્થા/ કચેરીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહે છે:

- આ નોટિફિકેશન પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં પબ્લિક એન્ટિટીએ એક નોડલ ઓફિસરની નિમણૂક કરવાની રહે છે અને ઉક્ત નોડલ ઓફિસરની બદલી સંદર્ભે નવા નોડલ ઓફિસરની વિગતો સાત દિવસમાં RoW પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

**ફોન નં.** ૦૭૯-૨૩૨-૫૯૯૯૯, **ઇ-મેઇલ:** secdst@gujarat.gov.in

- ખાનગી મિલકતોમાં મંજૂરી આપવાના કિસ્સામાં ૩૦ દિવસમાં વધારાની વિગતો, ડોક્યુમેન્ટ્સ કે સ્પષ્ટિકરણ મેળવી લેવાના રહેશે અને અરજી રદ કરતી વખતે ૪૫ દિવસમાં રદ કરવાના કારણો (Justification) પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે તથા ૬૭ દિવસમાં મંજૂરી આપવાની રહેશે. જો પબ્લિક એન્ટિટી ૬૭ દિવસની સમયમર્યાદામાં અરજીને મંજૂરી આપવા અથવા તેને રદ કરવામાં નિષ્ફળ રહેશે તો અરજીને સિસ્ટમ જનરેટેડ ડિમ્ડ પરમિશન (મંજૂરી) આપવામાં આવશે.
- આ સંદર્ભે Call B4 U Dig એપ્લિકેશનનો બહોળો ઉપયોગ કરવાનો રહેશે.
- દરેક પબ્લિક એન્ટીટીએ આ નિયમોમાં દર્શાવ્યા પ્રમાણે જ ફિ / ચાર્જીસ વસૂલવાના રહેશે અને એ સિવાય કોઇ ફિ / ચાર્જીસ વસૂલવાના રહેશે નહી.
- આ નિયમો અને નિયમોની કેટલીક અગત્યની જોગવાઇઓની સમજૂતી આ સાથે બિડાણમાં સામેલ છે.

ટેલિકમ્યુનિકેશન એક્ટ હેઠળના આ નિયમોની તમામ જોગવાઇઓનું અમલીકરણ ડિજિટલ સ્વરૂપમાં લાગુ કરવાનું રહે છે. તદનુસાર, ૧૧ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો માટે ડેવલપ કરવામાં આવેલ અને અન્ય ૨૫ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોના RoW પોર્ટલ સાથે ઇન્ટીગ્રેટ થયેલ એવા સેન્ટ્રલાઇઝ્ડ રાઈટ ઓફ વે પોર્ટલ - Gatishakti Sanchar ને અપગ્રેડ કરવામાં આવી રહેલ છે.

ઉપર્યુક્ત બાબતો ધ્યાને લઈને, ટેલિકોમ્યુનિકેશન્સ (રાઈટ ઓફ વે) નિયમો, ૨૦૨૪ ના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ માટે જરૂરી કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે અને ઉક્ત બાબતો આપના હસ્તકની આ બાબતે સંકળાયેલ સંસ્થાઓ (પબ્લિક એન્ટીટી) ના ધ્યાને લાવવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,

(મોના ખંધાર)
અગ્ર સચિવ
વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ
ગુજરાત સરકાર

<u>બિડાણ</u>: ઉપર મુજબ